ક્રમાંકઃહ/સ્કોલરશીપ/૨૦૧૫/૧૩૧૫-૨૪૯૩
ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી ,
ડો. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૧૨/૨ ,
ગુ. રા. , ગાંધીનગર ,
તા.૧૫-૧૦-૨૦૧૫

પ્રતિ,
રજીસ્ટ્રારશ્રી,
તમામ યુનિવર્સિટી,

**વિષયઃ- મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અમલીકરણ માટે માર્ગદર્શન શિબિર યોજવા બાબત.**

સંદર્ભઃ- (૧) અત્રેનો પત્ર ક્રમાંકઃ/પરચ/વહટ/મુ.યુ.સ્વા.યોજના/૨૦૧૫/૮૩૪૨-૮૮૧૪ તા.૦૯/૧૦/૨૦૧૫
(૨) અત્રેનો પત્ર ક્રમાંકઃ/પરચ/વહટ/મુ.યુ.સ્વા.યોજના/૨૦૧૫/૮૮૧૫-૮૮૨૬ તા.૦૯/૧૦/૨૦૧૫
(૩) ઠરાવ ક્રમાંકઃપરચ/૧૦૨૦૧૪/યુઓઆર-૬/સ તા.૦૭/૧૦/૨૦૧૫

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે, શિક્ષણ વિભાગના તા.૦૭/૧૦/૨૦૧૫ના ઠરાવથી મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ મળવાપાત્ર વિવિધ સહાય અને લાભની વિગતો પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

જે વિદ્યાર્થીઓ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની અથવા અન્ય માન્ય બોર્ડની ગુજરાતમાંથી ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહ અથવા સામાન્યપ્રવાહની પરીક્ષામાં ૯૦ કે તેથી વધુ પર્સન્ટાઈલ મેળવેલ હોય અને જેમના માતા-પિતાની વાર્ષિક આવક ૪,૫૦,૦૦૦/- (અંકે રૂપિયા ચાર લાખ પચાસ હજાર પુરા) સુધી વાર્ષિક આવક ધરાવતા વાલીના સંતાનોને સ્નાતક કક્ષાના કોર્સિસ જેવા કે B.SC, B.COM, B.A, B.B.A, B.C.A જેવા સરકારા માન્ય સ્વનિર્ભર અભ્યાસક્રમો માટે સરકારશ્રીએ ઠરાવેલ નિયત સહાય મળવાપાત્ર છે. આ અંગેની જાહેરાત તા.૧૩/૧૦/૨૦૧૫ના દૈનિકપત્રોમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. સદર યોજનાની વધુ માહિતી મેળવવા માટે http://mysy.guj.nic.in તથા હેલ્પલાઈન નંબર ૦૭૯-૨૬૫૬૬૦૦૦ પર સંપર્ક કરી શકો છો.

સદર યોજનાની યોગ્ય પ્રસિધ્ધિ થાય તે માટે આપની યુનિવર્સિટીની વેબસાઈટ પર, તથા કોલેજની વેબસાઈટ હોય તો તેના પર અને નોટિસ બોર્ડ પર ઠરાવની નકલ અને હેલ્પ સેન્ટરની યાદી મુકવાની રહેશે તેમજ આપની યુનિવર્સિટીની તાબા હેઠળની Affiliated સ્વ-નિર્ભર કોલેજોને સદર યોજનાની ઓનલાઈન અરજી કરવા બાબતે અથવા વધુ માર્ગદર્શન અને પ્રચાર-પ્રસાર માટે જરૂર જણાય તો માર્ગદર્શન માટે તાત્કાલિક શિબિર યોજવા જણાવવામાં આવે છે.

(એ.જે. શાહ )
કમિશનર
ઉચ્ચ શિક્ષણ
ગુ.રા., ગાંધીનગર